Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-17, Issue-2, September-2023

# ગાંધીજીની સામાજિક પ્રવૃત્તિ : સેવાવૃતિ

**ડૉ.નરેશ જે પરીખ**
અધ્યક્ષ અને પી.જી ઇન્ચાર્જ, ઈતિહાસ વિભાગ પી.એસ.સાયન્સ અને એચ.ડી પટેલ આર્ટ્સ કોલેજ, કડી

ગાંધીજીની વિવિધ ક્ષેત્રની સામાજિક પ્રવૃત્તિને કારણે લોક હૃદયમાં બિરાજે છે. તેમણે સમાજ સુધારણાના કાર્યક્રમમાં તમામ લોકોને જોતર્યા હતા.વર્ષોથી ચાલી આવતી સામાજિક બદીઓને દૂર કરવામાં અથાગ પ્રયત્નો કર્યા હતા. અહીં અભ્યાસના ભાગરૂપે ગાંધીજીએ કરેલ વિવિધ સેવાવૃત્તિને રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

**સેવા ધર્મ :**

ગાંધીજી પૂર્વે “ધર્મ” એટલે બાહ્ય ક્રિયાકાંડ અને “સેવા” એટલે ઠાકોરજીની પૂજા એ અર્થ સામાન્યત: સમાયેલો હતો. પરતું ગાંધીજીએ શુદ્ધ નીતિપરાયણ અને સેવાપરાયણ જીવન દ્વારા એ અર્થમાં ભારે ક્રાંતિ આણી, તેમણે સતત ચિંતન, મનન અને અનુભવ દ્વારા સમજાવ્યું કે- “બદલાની સહેજ પણ આશા રાખ્યા વિના સતત બીજાની સેવા કરવી અને એવી નિષ્કામ સેવા એકલા મિત્રા માટે જ નહી શત્રુ માટે પણ હોય”.

**મજૂરોની સેવા / દુ:ખી ગિરમીટિયાઓને વહારે :**

સેવાની શરૂઆત બાલાસુંદરમ્ નામે એક મદ્રાસી ગિરમીટિયાથી થઈ. બાલાસુંદરમ્ એક પ્રતિષ્ઠિત ગોરાને ત્યાં મજૂરી કરતા હતા. માલિકે ગુસ્સામાં ભાન ભૂલીને બાલાસુંદરમને ખુબજ માર માર્યાં, જેના પરિણામે તેના બે દાંત તૂટી ગયા. લોહીલુહાણુ સ્થિતિમાં તે ગાંધીજીની ઓફિસમાં ગયો, ગાંધીજીએ તેના મહેતા કે જે તામિલ જાણતા હતા તેની મારફત તેની સ્થિતિ જાણી. ગાંધીજી એના માલિક પર કાયદેસર કામ ચલાવી સજા કરાવી શકે તેમ હતા, પણ એમણે તે અહિંસક કષ્ટ સહનનાં ધર્મનો માર્ગ અપનાવ્યો હતો અને એ ધર્મ પોતાના હિંદી ભાઈઓને પણ શીખવવા માગતાં હતા. એટલે એમણે અદાલતનો માર્ગ ન લીધો. તેમણે બાલાસુંદરમને માટે નવા માલિક શોધવાની શરતે બાલાસુંદરમનું ગિરમીટ બીજા માલિકને નામે ચડાવી એને એના અસલ માલિકના જુલમમાંથી છોડાવ્યો.

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ અને ગાંધીજી તેમના દીનબંધુ બન્યા. તેમની એફિસે ગિરમીટિયાઓની કતારો થતી અને તેમના સુખ દુ:ખ જાણવાની ગાંધીજીને સુંદર તક સાંપડી. આમ ગાંધીજી આ ઘટનાથી દુ:ખી ગિરમીટિયાઓના સીધા સંપર્કમાં આવ્યા. ગાંધીજી લખે છે – “મજૂરો આવીને એમને શેઠ સાથેનાં ઝઘડાની વાતો કરતા અને એથી એમના જીવનની જેવી ઝાંખી હું કરી શકયો તે ખીજી કઈ રીતે ન કરી શકત, મેં

પહેલી જ વાર એ લોકો આગળ અહિંસાની વાત મૂકી".

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની આખરી લડતમાં આ જ ગિરમીટિયાએ હડતાલ પાડી. તેઓ જેલમાં જવા તૈયાર થયા. અપાર કષ્ટ, યાતનાઓ અને ભૂખમરો વેઠીને પણ તે અહિંસાને વળગી રહ્યા.

**પીડિતોની શારીરિક સેવા** :

ગાંધીજી માનતા હતા કે જીવન ખૂબ જ સાદુ હોવુ જોઈએ, તેમાં શારીરિક સેવાકાર્ય પણ હોવુ જોઈએ. એવામાં એક દિવસ એક અપંગ, રક્તપિત્તથી પિડાતો માણસ એમને ઘેર આવ્યો. તેને ખાવાનું આપીને કાઢી મૂકતાં મન ન માન્યું. તેને પોતાના ઘરની કોટડીમાં રાખી એના ઘા એમણે સાફ કર્યાં અને એની સેવા કરી, પણ આમ લાંબો વખત ચાલી શકે એમ ન હતું. કારણ કે ઘરમાં હમેશ માટે રાખવાની એમની પાસે સગવડ ન હતી. તેથી તેમણે ગિરમીટિયાઓ અંગે ચાલતી સરકારી દવાખાનાંમાં તેને મોકલી આપ્યો.

પણ એનાથી એમને આશ્વાસન ન મળ્યુ. એવું કઈક શુશ્રુષાતુ કામ હંમેશાં કરવાનું મળે તો કેવું સારુ ?' એમ એમને લાગ્યું. ડૉ. બુથ અને એડમ્સ મિશનનાં ઉપરી હતા. તેઓ હંમેશાં લોકોને મફત દવા આપતા. તે ખૂબ જ ભલા અને માયાળુ હતા. પારસી રુસ્તમજીની સખાવતને લીધે ડૉ. બુથના હાથ નીચે એક બહુ નાનું દવાખાનું ખોલવામાં આવ્યું, તેમાં દવા આપવાને અંગે એકથી બે કલાકનુ કામ રહેતું. તેમાં દવા બનાવી આપનાર કોઈ પગારદાર માણસની અથવા સ્વયંસેવકની જરૂર હતી. ગાંધીજીએ આ કામ કરવાનો નિશ્ચય કર્યાં. તેમણે એ ધર્માંદા દવાખાનામાં રોજ એકથી બે કલાક માટે સ્વયંસેવક તરીકેનું કામ સ્વીકારી લીધું. તેમનું કામ દરદીના કેસ સમજી લઈ તે દાક્તરને સમજાવવાનુ અને દાક્તર બતાવે તે દવા તૈયાર કરી દરદીને આપવાનું હતું. આ કામથી ગાંધીજી નોંધે છે કે "હુ દુ:ખી હિંદીઓના ગાઢ સંબધમાં આવ્યો".

આ અનુભવ તેમને બોઅર પર લડાઈ વેળા ઘાયલોની શુશ્રુષાના કામમાં તેમજ બીજા દર્દીઓની માવજત કરવામાં ખૂબ જ ઉપયાગી નીવડયો.

**ઘાયલોની સેવા** :

ઈ.સ. ૧૮૯૯માં બોઅર યુદ્ધ ફાટી નીકળ્યું. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓ ગમે તેમ પણ બ્રિટિશ પ્રજાજનો ગણાય. અંગ્રેજોનો આ આપત્તિ સમયે હિંદીઓએ તેમને મદદ કરવી જ જોઈએ, નહિ તે મનુષ્યત્વને ઝાંખપ લગાડનારી ગણાય. ગાંધીજી નોંધે છે કે- "મને લાગ્યુ કે, તે ' બ્રિટિશ રૈયત તરીકે હકો માગી રહ્યો હતાં. તો બ્રિટિશ રૈયત તરીકે બ્રિટિશ રાજ્યના રક્ષણમાં ભાગ આપવાનો મારો ધર્મ હતો".

એ વખતે ગાંધીજીના અભિપ્રાય એવો હતો કે હિંદુસ્તાનની સપૂર્ણ ઉન્નતિ બ્રિટિશ સામ્રાજ્યમાં થઈ શકે.

તેથી આવા વખતે ગાંધીજીએ પોતાની નેતાગીરી નીચે ઘાયલ સૈનિકોની સેવાર્થે ૧૧૦૦ માણસોનું એક શુશ્રુષામથક સ્થાપ્યું. તેમાં લગભગ ૪૦ મુખી હતા. બીજા ત્રણસો જેટલા સ્વતંત્ર હિંદીએ ભરતીમાં દાખલ થયા હતા. બાકીના ગિરમીટિયા હતા. ડૉ.બુથ પણ તેમની સાથે હતા. આ ટુકડીએ ખૂબ સરસ કામ કર્યુ. જો કે શરૂઆતમાં તેમને દારુગોળાની બહાર કામ કરવાનું હતું અને તેને 'રેડ ક્રોશ'નું

રક્ષણ હતું. છતાં અનિવાર્ય સંજોગોમાં તેમને દારૂગાળાની હદની અંદર પણ કામ કરવાની તક મળી.

એમણે પાયખાના સાફ કરવાથી માંડીને જ્યાં બંદૂકની ગોળીએ પસાર થતી હોય તેવા સ્થળો વચ્ચે જઈ ઘાયલોને ઉઠાવી, આ દસ માઈલ દૂર ઇસ્પિતાલમાં ઊંચકી લઈ જવા સુધીનું કાર્ય કર્યું.

આમ પોતાનાં અંગત દુઃખો ભૂલી જઈ હિંદીઓએ બજાવેલી સેવા જોઈને ગોરાઓનાં દિલ પીગળી ગયા. જનરલ બુલર કે જેઓ બોઅર યુદ્ધના અંગ્રેજ સેનાપતિ હતા. તેમણે ગાંધીજીના કાર્યની મુક્ત કંઠે પ્રશંસા કરી. જનરલ બુલરે ગાંધીજીની ટુકડીના કાર્યની પોતાના ખરીતામાં તારીફ કરી. મુખીઓને લડાઈના ચાંદ પણ મળ્યા. યુદ્ધમાં ઘાયલોની આ સેવા દ્વારા એમણે હિંદીઓની પ્રતિષ્ઠા વધારી અને હિંદીઓ માત્ર કમાણી કરવાના સ્વાર્થી હેતુથી દક્ષિણ આફ્રિકા આવ્યા છે અને ગોરાઓનાં વિરોધી છે એ ગ્રંથિ ઢીલી કરી.

**મરકીગ્રસ્ત દર્દીઓની સેવા** :

એ દિવસોમાં ડરબનમાં મરકી ફેલાઈ.ગાંધીજીએ મ્યુનિસિપાલિટીને હિંદી લત્તાઓની સફાઈમાં મદદ કરી. તેમણે ભારે મજૂરી કરીને ગંદી ઘરો વાળી ઝૂડી શાફ કર્યાં, દવાઓ છાંટી લોકોના મનમાં સફાઈનું મહત્વ ઠસાવ્યું.

પરંતુ આથી પણું વધુ કઠણ સેવા તો જ્યારે ઈ. સ. ૧૯૦૪માં જોહનિસબર્ગની સોનાની ખાણોમાં મરકી ફાટી નીકળી ત્યારે એમણે બજાવી. ત્યાં કામ કરનારા મુખ્યત્વે હબસીએ હતા. તેમની સ્વચ્છતાની જવાબદારી તો કેવળ ગોરા માલિકોની હતી. આ ખાણમાં કામ કરનાર કેટલાક હિંદીઓ પણ હતા. તેમાંના ત્રેવિસેકને એકાએક મરકીના ચેપ લાગ્યો અને તેવો વેકેશનમાં પોતાને રહેઠાણે આવ્યા, ત્યાં પણ આ રોગ ફેલાવ્યો. આ મરકી ફેફસાની હતી કે જે જીવલેણ ગણાતી હતી. તેથી તે ખૂબ જ ભયંકર ગણાતી હતી. ગાંધીજીએ જીવને જોખમે તે દર્દીઓની સારવાર કરી.

૧૯૦૬માં ઝૂલુ બળવા વખતે ગાંધીજીએ કાઈપણ જાતના નાતજાત કે કોમના ભેદ વગર નિઃસ્વાર્થ ભાવે સેવા કરી અને દક્ષિણ આફ્રિકાની પચરંગી પ્રજાના સ્નેહ સંપાદન કર્યા. હિંદીઓ, ઝૂલુઓ અને સમજદાર ગોરાઓ એમની તરફ આદરની નજરે જોવા લાગ્યા અને જ્યારે આફ્રિકાની સામે આંદોલન ઉપાડયુ ત્યારે આ બધા વર્ગે અણધાર્યો સહકાર આપ્યો. ૧૯૦૧માં જ્યારે તેઓ સ્વદેશ જવા તૈયાર થયા ત્યારે હિન્દી ભાઈઓએ પોતાના હૃદયનો પ્રેમ અને આદર વ્યક્ત કરવા સોનુ, ચાંદી અને હીરાની કીમતી ભેટો એમને આપી. પરંતુ ગાંધીજીએ એ ધનનુ એક ટ્રસ્ટ બનાવી એને દક્ષિણ આફ્રિકાના સાર્વજનિક કામો અર્થે તેને એક બેંકમાં જમા કરાવ્યું.

**કુષ્ઠ રોગીઓની સેવા** :

દરિદ્રોની સેવામાં પણ સમાજના સૌથી વધારે દુઃખી અને અસ્પૃશ્યો કરતાં પણ હીનસ્થિતિ ભોગવતા રક્તપિત્તના દર્દીઓ તરફ પણ ગાંધીજીને ખૂબ જ હમદર્દી હતી. ઈશુનો કુષ્ઠ રોગીઓની સેવાનો ઉપદેશ ગાંધીજી ભારતમાં લાવ્યા. તેઓ ખૂબ જ શુદ્ધભાવનાથી આ મહાન રોગની નાબૂદી માટે પ્રેરણા અને દોરવણી આપતા.

ગાંધીજીની પ્રેરણાથી જ આજથી ઘણા વર્ષો પહેલાં વર્ધા નજીક દત્તપુરમાં, વિનોબાજીના સાથી શ્રી મનોહર દીવાને કુષ્ઠ ધામની સ્થાપના કરીને કુષ્ઠ રોગીઓની સેવાનો આરંભ કર્યો હતો. એ કાર્યનો દિનપ્રતિદિન વિકાસ થતો રહ્યો છે. ત્યાં મહારોગી સેવામંડળ દત્તપુર નામની સંસ્થા પણ શરૂ થઈ છે અને એના આવ્યા આશ્રયે અનેક સેવાભાવી સેવકો ઈશ્વરભક્તિની ભાવનાથી એ કામ કરી રહ્યા છે. આ પણ ગાંધીજીની સીધી અસર અને પ્રેરણાનું જ પરિણામ ગણાય.

**સમાપન :**

દેશના વિવિધ સેવાકાર્યોને સારુ ગાંધીજીએ અનેક સંસ્થાઓ, સંઘો અને સમિતિની રચના કરી હતી. એમાં કામ કરનાર સેવકો ખૂબ જ સંયમી,સાદા, સરળ, ચારિત્ર્યશીલ, આર્થિક વ્યવહારમાં ચોખ્ખા અને પોતાના કાર્યને વિષે સમર્પિત હોવા જોઈએ એવાં મૂલ્યે તેમણે પ્રસ્થાપિત કર્યાં.

આમ, ગાંધીજી કાઈ પણ જાતના ભેદભાવ વગર નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવા કરતા. તેઓ કહેતા કે - "હું હિંદુસ્તાનનો એક નમ્ર સેવક છું અને હિંદુસ્તાનની સેવા કરવા મળતાં હું આખી માનવજાતિની સેવા કરું છું. માનવજાતની આવી ઉત્કટ કામનાને કારણે જ તેઓ સમસ્ત માનવજાત સાથે એકરૂપ બની ગયા હતા.

**સંદર્ભ ગ્રંથ સુચિ**


1. અંજના બી. શાહ, સમાજ સુધારણામાં ગાંધીજીનું પ્રદાન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. મોહનદાસ કરમચંદ ગાંધી, સત્યનાં પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
3. શંકરભાઈ ઘેલાભાઈ બેન્કર,ગાંધીજી અને રાષ્ટ્ર પ્રવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,(સ્મરણો અને અનુભવ)
4. 'હરિજન બંધુ' – ૨/૩/૧૯૩૮
5. 'હરિજન બંધુ' – ૨૬/૬/૧૯૩૮